ઉચ્ચ શિક્ષણ [illegible] કચેરી
ગુ.રા., ગાંધીનગર
3 [illegible]
આવક નં.: 10930

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, સાતમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૩૬૪

પત્ર ક્રમાંક: GCO/1222/CHE-545/KH
તારીખ:- 30/12/2022

પ્રતિ,
કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૨/૨ જો માળ, ગાંધીનગર.

વિષય:- તબીબી સારવારના ખર્ચને રીએમ્બર્સમેન્ટ બાબતની દરખાસ્ત ઈ-સરકાર મારફત ઓનલાઈન રજુ કરવા બાબત.

સંદર્ભ:- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૫/૧૨/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક:-HFWD/PM/E-FILE/7/2022/4373/A-1.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પરિપત્રથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ હેઠળ તબીબી સારવારના ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે રજુ કરવામાં આવતી દરખાસ્તો અંગે અદ્યતન સૂચનાઓ પરિપત્રિત કરેલ છે. તથા તબીબી સારવાર ખર્ચ મંજુર કરવાની તમામ દરખાસ્ત ઈ-સરકાર એપ્લીકેશન મારફતે જ સંપૂર્ણ સ્કેન કરીને ઓનલાઈન રજુ કરવા તમામ વિભાગોને જણાવેલ છે.

ઉચ્ચ શિક્ષણ પ્રભાગ હેઠળ આવતી સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોના અધિકારી/કર્મચારીઓની તબીબી સારવારના ખર્ચને રીએમ્બર્સમેન્ટ બાબતની દરખાસ્ત આપની કચેરી દ્વારા અત્રે મંજુરી અર્થે સાદર કરવામાં આવતી હોય છે. આ બાબતે જણાવવાનું કે, અગાઉ મંજુરી અર્થે સાદર કરેલ હતી તેવી અસલ મેડીકલ બીલ સહિતની દરખાસ્તો ઓનલાઈન ઈ-સરકાર મારફત રજુ કરવા આપની કચેરીને પરત કરવામાં આવે છે (પત્રક-અ).

એ બાબત ધ્યાને લેવી કે તા.૦૧/૧૨/૨૦૨૨ પૂર્વે રીએમ્બર્સમેન્ટ માટે રજુ થઈ ગયેલ દરખાસ્તો જુના ચેકલીસ્ટ મુજબ ચેક કરીને ઇ-સરકાર એપ્લીકેશનમાં રજુ કરવી. રજુ થઈ ગયેલ દરખાસ્તો માટે નવા ચેકલીસ્ટ મુજબ દરખાસ્ત કરવાની રહેશે નહીં. તા.૦૧/૧૨/૨૦૨૨ બાદ નવી રજુ થતી દરખાસ્તો માટે આ.પ.ક.વિ.ના તા.૧૫/૧૨/૨૦૨૨ના પરિપત્ર સાથે સામેલ નવા ચેકલીસ્ટ મુજબ દરખાસ્ત રજુ કરવા વિનંતી છે.

O/C
30.12.2022

આપનો વિશ્વાસુ,
30.12.22
(હાર્દિક ભીલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

રવાના કર્યુ
તારીખ......................
સહી.....................

<u>બિડાણ:-</u>

> પત્રક-અ માં સામેલ તબીબી સારવારના ખર્ચને રીએમ્બર્સમેન્ટ બાબતની અસલ દરખાસ્ત (અસલ મેડીકલ બીલ સહિત)

૧. OW/2022/OSGRA/160-161 પત્રક-અ ડૉ. [illegible]

| ક્રમ | પત્ર ક્રમાંક | વિષય |
|---|---|---|
| ૧. | OW/2022/OSGRA/156-57 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (સ્વ.શ્રી એચ.એમ.ભટ્ટ. નિવૃત્ત અધ્યાપક, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ. અમરેલી) |
| ૨. | OW/2022/OSGRA/162-63 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી કુંવરજી ડી. ભરવાડ, નિવૃત્ત ઓ.એસ., સી. દ એચ.એસ.દેસાઈ આર્ટસ અને એલ.કે.એલ દોશી કોમર્સ કોલેજ, બાલાશિનોર) |
| ૩. | OW/2022/OSGRA/166-67 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી એમ.કે. પટેલ. વ્યાખ્યાતા, આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર) |
| ૪. | OW/2022/OSGRA/166-67 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી ડી.બી.પટેલીયા. વ્યાખ્યાતા, એસ.એસ. મહેતા આર્ટસ અને એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગર) |
| ૫. | OW/2022/OSGRA/158-59 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી કે.એચ. પટેલ, નિવૃત્ત ગ્રંથપાલ, ડી.ડી. ચોક્સી કોલેજ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન, પાલનપુર) |
| ૬. | કગટ/તબબ/૨૦૨૨/૧૭૨-૭૩ | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી અર્જુનસિંહ જી. પરમાર, નિવૃત્ત અધ્યાપક, શ્રી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી, જિ.સુરત) |
| ૭. | OW/2022/OSGRA/158-59 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી કે.એચ. પટેલ, નિવૃત્ત ગ્રંથપાલ, ડી.ડી. ચોક્સી કોલેજ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન, પાલનપુર) |
| ૮. | OW/2021/OSGRA/158-59 | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી બી.એમ. જનસારી, એકાઉન્ટન્ટના પત્ની પારૂલબેન બી. જનસારી, અમદાવાદ આર્ટસ અને કોમર્સ કોલેજ, અમદાવાદ) |
| ૯. | ઉશિક/મકમ-૭/મેબિ./૨૦૨૨/૧૧૦૯૬ | તબીબી સારવારનો ખર્ચ મંજુર કરવા બાબત. (શ્રી વી.પી.ગોસ્વામી. નિવૃત્ત ગેસમીકેનીક, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર) |

૩૫૯/૨

ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ હેઠળ તબીબી સારવારના ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે રજૂ કરવામાં આવતી દરખાસ્તો અંગે વિગતવાર સૂચનાઓ પરિપત્રિત કરવા બાબત.

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંક: HFWD/PM/E-FILE/7/2022/4373/A-1

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. /૧૨/૨૦૨૨

15 DEC 2022

વંચાણેલીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૪/૮/૨૦૧૫ના ઠરાવથી જાહેર કરેલ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૩૦/૮/૨૦૧૬નો ઠરાવ.

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૩/૧૦/૨૦૧૭ ના પત્રથી નિયત થયેલ ચેકલીસ્ટ.

આમુખ:

રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૨ થી તમામ સરકારી કામકાજ ઇ-સરકાર મારફતે ઓનલાઇન કરવા કરેલ નિર્ણય તથા Good Governance અંતર્ગત અધિક મુખ્ય સચિવશ્રી(આરોગ્ય)ના અધ્યક્ષ સ્થાને તા.૦૩/૧૨/૨૦૨૨ના રોજ મેડીકલ રીએમ્બર્સમેન્ટની કામગીરી માટે યોજવામાં આવેલ બેઠકમાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ હેઠળ તબીબી સારવાર ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે રજૂ થતી દરખાસ્તો અન્વયે તબીબી સારવાર ખર્ચની મંજૂરી આપવાની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવેલ. હવે પછીથી મેડીકલ બીલોની ચકાસણી તથા મંજૂરીની સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા સઘન પ્રયત્નો કરવા નિર્ણય લેવાયેલ છે તથા તા.૦૧/૧૨/૨૦૨૨ પછી સમગ્ર પ્રક્રિયા ગુજરાત સરકારના ઇ-સરકાર એપ્લીકેશનમાં જ રજૂ કરવા નિર્ણય થયેલ હોઇ સચિવાલયના તમામ વહીવટી વિભાગોને વિગતવાર સૂચનાઓ પરિપત્રિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

પરિપત્ર:-

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને ઇ-સરકાર એપ્લીકેશન મારફતે રજૂ કરવામાં આવતી દરખાસ્તો અંગે નીચે મુજબ સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે:-

(૧) તબીબી સારવાર ખર્ચ મંજૂર કરવાની તમામ દરખાસ્ત ઇ-સરકાર એપ્લીકેશન મારફતે જ સંપૂર્ણ સ્કેન કરીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને ઓનલાઇન રજૂ કરવાની રહેશે.

(૨) જે તે સંબંધિત વહીવટી વિભાગ દ્વારા તબીબી સારવાર ખર્ચની દરખાસ્ત ઇ-સરકાર એપ્લીકેશનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અ-૧ શાખાના સેકશન અધિકારીશ્રીના લોગીનમાં જ સીધી રજૂ કરવાની રહેશે.

(૩) સરકારના વહીવટી વિભાગો તરફથી મળતી દરખાસ્તોમાં કાગળોનો ક્રમ નીચે મુજબ રાખવાનો રહેશે:- (ઇ-સરકારમાં અપલોડ કરવાના ડોકયુમેન્ટના નામ/ક્રમ/ડોકયુમેન્ટ નંબર નોંધ વિભાગમાં હાઇપરલીંકમાં દર્શાવવા)

(અ) નોંધ વિભાગ:- - વિભાગની નોંધ અનુક્રમણિકા

| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | ખાતાના વડાની દરખાસ્ત | |
| ૨ | કર્મચારીની અરજી | |
| ૩ | પરિશિષ્ટ-૨ | |
| ૪ | ડિસ્ચાર્જ સમરીકાર્ડ | |
| ૫ | સારવાર મેળવેલ હોસ્પિ.નું ફાઇનલ ઇનપેશન્ટ બિલ | |
| ૬ | મેડીકલેઇમ અંગે બાંહેધરી | |
| ૭ | આશ્રિત છે કે નહિ?સંપૂર્ણ આશ્રિતના કિસ્સામાં આવકનું પ્રમાણપત્ર | |
| ૮ | દવાના બિલોની વિગતો | |

(બ) પત્ર વિભાગ (દર્શાવ્યા મુજબના પત્રો અલગ અલગ પીડીએફમાં અપલોડ કરવાના રહેશે.)

- ખાતાના વડાની દરખાસ્ત
- અરજદારની અરજી
- ચેકલીસ્ટ
- પરિશિષ્ટ-૨ (હોસ્પિટલ વાઇઝ અલગ અલગ અસલમાં)
- ડિસ્ચાર્જ સમરીકાર્ડ
- ઇન પેશન્ટ બીલ / વિગતવાર બીલ
- દવાની યાદી (દવાના નામ અને કિંમત સહીત)
- મેડીકલેઇમ અંગે બાંહેધરી પત્રક
- દર્દી સરકારી કર્મચારી પોતે / આશ્રિત છે તે અંગેની વિગતો.
- ૨૫ વર્ષથી વધુ ઉંમરના આશ્રિત પુત્ર કે પુત્રી Mentally disabled હોય તો સરકારી હોસ્પિટલના તજજ્ઞ અધિકૃત ચિકિત્સકશ્રીનું તબીબી પ્રમાણપત્ર સામેલ રાખવું.
- અન્ય સાધનિક કાગળો.
- દરખાસ્તના તમામ પાના ઉપર બહારની બાજુએ લાલ રંગની શાહીથી પૃષ્ઠ નંબર આપવાના રહેશે